મોડાસામાં ચૂંટણીપંચની સ્ટેટીક સર્વેલન્સ ટીમના સભ્યોની ધરપકડ

એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ કક્ષાનાં અધિકારી તથા તમામ પોલીસકર્મીઓ ફરજ મોકુફ

ગાંધીનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લામાં ચૂંટણી ખર્ચ દેખરેખ નિયમ સંગ્રહની સૂચના અનુસાર ખર્ચ પર દેખરેખ રાખવા રચાયેલી મોડાસાની ટીમમાં સભ્યોએ રાજસ્થાનનાં બાંસવાડાનાં રહેવાસી શ્રી કરણસિંહ સજ્જનસિંહ ચૌહાણ પાસેથી પોતાની માલિકીની ચાંદી - સિલ્વરમાંથી કેટલોક ભાગ બળજબરી પૂર્વક લઈ લેવાની ઘતેન્બાના રાજ્ય ચૂંટણીપંચ દ્વારા સપ્ત કાર્યવાહી કરવામાં આવી છે.

મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી અનિતા કરવલે આ અંગેને વિસ્તૃત માહિતી આપતાં કહ્યું હતું કે આ સમગ્ર ઘટનામાં સંકળાયેલા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ કક્ષાનાં અધિકારી તથા તમામ પોલીસકર્મીઓ ફરજ મોકુફ કરી દેવામાં આવ્યાં છે.

આ ઘટના ગત તા. ૦૪-૧૧-૨૦૧૨ નાં રોજ રાત્રિનાં ૨૩.૦૫ કલાકો મોડાસામાં બની હતી અને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૪, ૧૧૪ હેઠળ ગુના રજીસ્ટર્ડ નંબર - ૧-૭૧/૭૨ થી ગુનો નોંધવામાં આવ્યો છે અને આ ટીમનાં સભ્ય એવા વિડીયોગ્રાફર સિવાયનાં તમામ સભ્યો પોલીસની હિરાસતમાં છે.

સાબરકાંઠા જિલ્લાનાં મોડાસા ખાતેની સ્ટેટીક સર્વેલન્સ ટીમમાં નર્મદા જળસંપત્તિ, સિંચાઈ અને પાણી પુરવઠા વિભાગમાં કામ કરતાં અધિક મદદનીશ ઈજનેર અમૃતભાઈ ઠાકરશીભાઈ પટેલની આગેવાની હેઠળ સશસ્ત્ર હેડ કોન્સેટબલ બાબુભાઈ ભીખાભાઈ, લોકરક્ષકો રાકેશકુમાર અમૃતલાલ અને ધવલભાઈ બેચરભાઈ તથા મોડાસા યુનિટમાં હોમગાર્ડ શૈલેષકુમાર મીઠાભાઈ વણકર તેમજ મોડાસાનાં શામપુરનાં રહેવાસી વીડિયોગ્રાફર રમેશભાઈ પ્રજાપતિ કાર્યરત હતા. આ ટીમ રાજસ્થાન માર્ગ પરિવહનની બસ આંતરીને તેમાં બેઠેલા બાંસવાડામાં રહેવાસી કરણસિંહ સજ્જનસિંહ ચૌહાણની તપાસ કરતાં તેમની પાસેથી ચાંદીની લગડીનો મોટો જથ્થો મળ્યો હતો. આ જથ્થા અંગે તેમની પાસે પુરતા દસ્તાવેજો ન હતા અને ડિલીવરીનાં સ્થળ વિશેની પણ તેને જાણ ન હતી. તેથી તેને ચાંદી સાથે ત્યાં જ ઉતારવામાં આવ્યા હતા. ટીમનાં સભ્યો એ ચાંદી જપ્ત ન કરવા માટે તે વ્યક્તિ પાસેથી પૈસા માંગ્યા હતા અને તે વ્યક્તિ પાસે પૈસા ન હોવાથી ટીમનાં સભ્યોએ તે ચાંદીમાંથી રૂા. ૧.૭૦ લાખની કિંમતની આશરે ત્રણ કિલો વજનની ચાંદીની પાંચ લગડીઓ બળજબરી પૂર્વક લઈ લીધી હતી. તે વ્યક્તિ પરત બાંસવાડા ગઈ હતી અને તે ચાંદીના માલિક છત્રપાલ દેવેન્દ્રકુમાર શેઠને લઈને આવી હતી. ચાંદીનાં માલિકે સ્ટેટીક સર્વેલન્સ ટીમનાં સભ્યો વિરૂધ્ધ મોડાસા નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં ગુનો નોંધવામાં આવ્યો છે અને તા. ૦૫-૧૧-૨૦૧૨ નાં રોજ સવારે ૮ કલાકે ટીમનાં તમામ સભ્યોની ધરપકડ કરવામાં આવી છે. પૂછપરછ દરમિયાન ટીમનાં સભ્યોએ પણ સ્વીકાર્યું છે કે બળજબરીપૂર્વક લીધેલો ચાંદીનો જથ્થો તેમની પાસે છે. મુદ્દામાલ કબજે કરવાની કાર્યવાહી ચાલુ છે.

સ્ટેટીક સર્વેલન્સ ટીમનાં એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ એટલે કે અમૃતલાલ ઠાકરશીભાઈ પટેલ સામે શિસ્ત વિષયક પગલાં લેવા અને તેમને તાત્કાલિક સસ્પેન્ડ કરવા માટે ગુજરાત સરકારનાં સિંચાઈ વિભાગને આદેશો આપવામાં આવ્યાં છે. એક હેડ કોન્સ્ટેબલ અને બે લોકરક્ષકોને સસ્પેન્ડ કરવા માટે સાબરકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકને પરવાનગી આપવામાં આવી છે. પોલીસ વીડિયોગ્રાફરને શોધી રહી છે અને ખૂબ ઝડપથી તેની પણ ધરપકડ કરવામાં આવશે.

૫૫૩ આચાર સંહિતા ભંગની ફરિયાદો પૈકી ચૂંટણીપંચ દ્વારા ૫૦૪ સામે ત્વરિત કાર્યવાહી કરાઈ

ગાંધીનગર, તા. ૭

ગુજરાત રાજ્ય વિધાનસભાની ડિસેમ્બર માસમાં યોજનારા ચૂંટણી માટે ચૂંટણી આચાર સંહિતા લાગુ પડતાં રાજયભરમાં તમામ જિલ્લાઓમાં આશરે ૫૫૩ જેટલી આચાર સંહિતા ભંગની ફરિયાદો રાજ્ય કક્ષાએ ચૂંટણી પંચ તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીઓને મળી છે. જેમાંથી ૫૦૪ જેટલી ફરિયાદો સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે અને ૧૬ જેટલી ફરિયાદો ભારત સરકારના ચૂંટણી પંચને મોકલી અપાઈ છે. અત્યાર સુધીમાં કુલ ૨૭ જેટલો કેસો પણ નોંધાવામાં આવ્યાં છે. મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવલે આ માહિતી આપતાં આજે જણાવ્યું હતું કે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી ન્યાયી અને પારદર્શક રીતે યોજાય તે માટે ચૂંટણી પંચે સઘન પગલાં લીધાં છે અને તે માટે આચાર સંહિતાનો અમલ કડકાઈથી કરવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત તા. ૪ નવેમ્બર, ૨૦૧૨ સુધીમાં રાજ્ય કક્ષાએ મુખ્ય ચૂંટણી અધિકારી કક્ષાએ ૪૪ ફરિયાદો મળી હતી, અને જિલ્લા કક્ષાએ ૫૦૯ ફરિયાદો મળી હતી. તે પૈકીની અનુક્રમે ૨૭ અને ૪૭૭ ફરિયાદો ઉપર જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે. કુલ ૧૬ ફરિયાદો ભારત સરકારના ચૂંટણી પંચને મોકલી આપવામાં આવી છે. શ્રીમતી અનિતા કરવલે જણાવ્યું હતું કે, આચારસંહિતાનાં ભંગની મુખ્ય ચૂંટણી અધિકારી કક્ષાએ મળેલી ફરિયાદો પૈકી ભારતીય જનતા પક્ષ દ્વારા ૨૩ ફરિયાદો મળી હતી તેમાંની ૧૪ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. જયારે ભારતીય કોંગ્રેસ દ્વારા ૧૧ ફરિયાદો મળી હતી અને તે પૈકીની ૬ જેટલી ફરિયાદોનો નિકાલ કરાયો છે. જયારે અન્યો દ્વારા મળેલી કુલ ૧૦ જેટલી ફરિયાદો પૈકીની ૭ ફરિયાદોનો પણ નિકાલ કરાયો છે. જયારે જે કુલ ૧૬ ફરિયાદો ભારતીય ચૂંટણી પંચના અભિપ્રાય માટે મોકલવામાં આવી તેમાં ભાજપ દ્વારા મળેલી ફરિયાદો પૈકીમાં ૯, કોંગ્રેસની ૪ અને અન્યની ૩ ફરિયાદોનો સમાવેશ થાય છે. રાજ્ય કક્ષાએ મુખ્ય ચૂંટણી અધિકારીને મળેલી ફરિયાદો ઉપરાંત, રાજ્યમાં ૨૬ જિલ્લામાં પણ ચૂંટણીલક્ષી આચારસંહિતાની આવેલી કુલ ૫૦૯ ફરિયાદો પૈકી ૪૭૭ જેટલા કેસમાં પગલાં લેવામાં આવ્યાં છે. જયારે ૩૧ કેસો તપાસનાં વિવિધ તબક્કામાં પડતર છે. આ પૈકી ગંભીર લાગતા ૨૭ જેટલા કેસમાં પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે, તેમ તેમણે કહ્યું હતું.

સામાન્ય ચૂંટણીઓ ટાણે ઘટેલા ગુનાઓનું સરવૈયું

ગાંધીનગર, તા. ૭

ગુજરાત રાજ્યમાં આગામી ડિસેમ્બર, ૨૦૧૨ માં વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ યોજાઈ રહી છે ત્યારે વર્ષ ૨૦૦૨, ૨૦૦૪, ૨૦૦૭ અને ૨૦૦૯ની સામાન્ય ચૂંટણીઓમાં ઘટેલા ગુનાઓની વિગતો પ્રસ્તુત છે.

જિલ્લાનું નામ	કુલ નોંધાયેલ ચૂંટણીલક્ષી ગુના				પેન્ડીંગ તપાસ	પેન્ડીંગ ટ્રાયલ	ગુનેગાર સાબિત	૩-૧૦-૧૨ પછી નોંધાયેલ ગુના
	૨૦૦૨	૨૦૦૪	૨૦૦૭	૨૦૦૯				
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
કચ્છ	૦	૦	૯	૦	૦	૫	૪	૧
બનાસકાંઠા	૧૭	૦	૨૮	૨૧	૦	૪૪	૪	૪
પાટણ	૧૦	૨	૧૧	૦	૦	૧૩	૦	૦
મહેસાણા	૩૭	૧૦	૨૦	૭	૦	૫૬	૨	૭
સાબરકાંઠા	૯	૨	૧૦	૭	૦	૧૫	૧૩	૦
ગાંધીનગર	૮	૦	૧૨	૩	૦	૧૭	૩	૦
અમદાવાદ	૫૬	૧	૩૭	૨૫	૦	૫૨	૧૯	૨
સુરેન્દ્રનગર	૮	૧	૬	૩	૦	૩	૨	૦
રાજકોટ	૪૦	૪	૧૪	૯	૦	૪૧	૧૬	૪
જામનગર	૧૦	૧	૪	૪	૦	૧૫	૨	૦
પોરબંદર	૧૦	૨	૪	૧	૦	૧૫	૦	૦
જૂનાગઢ	૨૭	૧૮	૨૧	૯	૦	૩૧	૯	૨
અમરેલી	૪	૮	૧૯	૧૧	૦	૨૪	૮	૪
ભાવનગર	૨	૮	૧૩	૧૦	૦	૨૩	૬	૦
આણંદ	૨૬	૧૧	૩૧	૧૬	૦	૪૩	૧૨	૦
ખેડા	૧૮	૪	૧૯	૧	૦	૧૨	૮	૦
પંચમહાલ	૨૫	૧૬	૨૦	૧૪	૧	૩૪	૨	૦
દાહોદ	૩૬	૭	૩૬	૧૦	૦	૬૧	૫	૦
વડોદરા	૮૫	૭	૩૯	૧૦	૦	૭૯	૧	૧
નર્મદા	૩	૦	૦	૦	૦	૨	૦	૦
ભરૂચ	૨૬	૩	૧૨	૧૩	૦	૨૦	૪	૦
સુરત	૪	૪	૨૨	૭	૦	૨૨	૧૫	૨
ડાંગ	૩	૦	૧	૦	૦	૧	૦	૦
નવસારી	૩	૦	૫	૨	૦	૨	૩	૦
વલસાડ	૧૭	૫	૫	૨	૦	૧૫	૦	૦
તાપી	૦	૦	૧	૨	૦	૨	૧	૦
કુલ	૪૮૪	૧૧૪	૩૯૯	૧૮૭	૧	૬૪૭	૧૩૯	૨૭

ચૂંટણીમાં આ વખતે બે નવા સહિત પાંચ પ્રકારના ઓબ્ઝર્વર કામગીરીની દેખરેખ રાખશે

ગાંધીનગર, તા.૭

લોકશાહીની આધારશીલા સમાન સામાન્ય ચૂંટણીઓ મુકત, ન્યાયી અન પારદર્શક વાતાવરણમાં સંપન્ન થાય અને તમામ ચૂંટણી કાયદાઓ તેમજ સુચનાઓનું ચુસ્ત રીતે અમલીકરણ થાય એ હેતુથી ભારતના ચૂંટણી પંચે ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ ૨૦૧૨ માં બે નવા પ્રકારના ઓબ્ઝર્વર સહિત પાંચ પ્રકારના ઓબ્ઝર્વર નિયુકત કર્યા છે. ઓબ્ઝર્વર ચૂંટણી સંબંધી કામગીરીના અમલીકરણ તેમજ ચૂંટણી પ્રચાર કરતા ઉમેદવારો તથા રાજકીયપક્ષો તથા ચૂંટણી આચાર સંહિતા સંબંધી બાબતો ઉપર ઝીણવટપૂર્વક દેખરેખ રાખશે. રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવલે આ અંગેની વિગતો આપતાં વધુમાં જણાવ્યું હતું કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા નિયુકત બે નવા પ્રકારના ઓબ્ઝર્વરમાં પોલીસ ઓબ્ઝર્વર અને અવેરનેસ ઓબ્ઝર્વરનો સમાવેશ થાય છે. પોલીસ ઓબ્ઝર્વર વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ ૨૦૧૨ દરમિયાન કાયદો અને વ્યવસ્થા તથા પોલીસ બંદોબસ્ત સંબંધી કામગીરી ઉપર દેખરેખ રાખશે. અવેરનેસ ઓબ્ઝર્વર મતદાન માટે મતદારોની જાગૃતિના પ્રયાસો સંબંધી કામગીરી ઉપર દેખરેખ રાખે છે.

કૃષિ મહોત્સવથી ૮૬ ટકા મુસ્લિમ ખેડૂત વાકેફ

કૃષિ મહોત્સવોનો લાભ મોદીને ચૂંટણીમાં મળી શકે

વર્ષ ૨૦૦૫માં શરૂ કરેલા કૃષિ ઉત્સવથી મોટી સંખ્યામાં મુસ્લિમ ખેડૂતોને પણ લાભ થયો છે : અહેવાલમાં ધડાકો

અમદાવાદ,તા. ૭

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પહેલાં મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસો ઘણા સમયથી ચાલી રહ્યા હતા.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૦૦૫માં શરૂ કરેલા કૃષિ મહોત્સવનો ફાયદો હવે વિધાનસભાની ચૂંટણીમાં થશે કે કેમ તેને લઈને અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. ગ્રામીણ મુસ્લિમ મતોને આકર્ષિત કરવાના પ્રયાસ ખૂબ પહેલાં હાથ ધરવામાં આવ્યા હતા. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સરકારના કૃષિ મહોત્સવમાં ભાગ લેનાર મુસ્લિમ ખેડૂતોની સંખ્યા ખૂબ મોટી હતી અને આ ખેડૂતોને મોટો ફાયદો પણ થયો હતો. ગ્રામીણ મુસ્લિમ મતદારો ચોક્કસપણે પ્રભાવિત થયા છે. નિષ્ણાંતોના ગ્રૂપ દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે મહોત્સવના કારણે અન્ય કોઈપણ વર્ગ કરતા રાજ્યના મુસ્લિમ ખેડૂતોને વધારે લાભ થયો છે. રિઈન્વેટીંગ એગ્રીકલ્ચરલ એક્સટેન્શનના નામે આની શરૂઆત કરવામાં આવી હતી. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોટી પ્રાયોજિત મેળાઓમાં જાગૃતિ અને ભાગીદારી મોટી સંખ્યામાં મુસ્લિમ ખેડૂતોની રહી હતી. અલબત્ત અનુસૂચિત જાતી અને અન્ય ભૂમિ વગરના લોકોની ભાગીદારી ઓછી હતી. કૃષિ મહોત્સવ અને કૃષિ મેળામાં ભાગ લેનાર મુસ્લિમોને આનાથી ફાયદો થયો હતો. અભ્યાસમાં ૧૪૪૫ આવાસોને આવરી લેવામાં આવ્યા હતા જેમાં ૭૨ મુસ્લિમો હતા. આમા પણ ૬ એકર જમીન ધરાવનાર ખેડૂતોની સંખ્યા

નાસ્તા પર -તિબંધ...ચપટી ચેવડાના કારણે મુશ્કેલીમાં મુકાતી ઓઝા સરકાર

ગુજરાતના ચોથા સીએમ માટે સૂત્ર 'આયો કહાં સે ઘનશ્યામ !'

સૌ -થમવાર વિધાનસભાના ચૂંટાયેલા સભ્યોમાંથી નહી પણ લોકસભાના સભ્યની કોંગ્રેસે મુખ્યમત્રી પદે વરણી કરી

ચોથી ગુજરાત વિધાનસભાની રચના ૧૭મી માર્ચ-૧૯૭૨ના રોજ થઈ હતી. આ વિધાનસભાની સભ્ય સંખ્યા ૧૬૮ની હતી. ૧૬૮ સભ્યો પૈકી કોંગ્રેસના ૧૪૦ સભ્યો, સંસ્થા કોંગ્રેસના ૧૬, જનસંઘના ૩, સામ્યવાદી પક્ષના ૧ અને ૮ અપક્ષો હતા.

ગુજરાત રાજયના ઈતિહાસમાં સૌથી -થમવાર વિધાનસભાના



ચૂંટાયેલા સભ્યોમાંથી નહી પણ લોકસભાના સભ્ય અને કેન્દ્રના રાજયકક્ષાના ચૂંટાયેલા ઘનશ્યામ ઓઝાની કોંગ્રેસ પક્ષે મુખ્યમત્રીપદે વરણી કરી હતી અને છાપાઓએ મથાળું પણ એવું બાંધ્યું કે,ઁઆયો કહાં સે ઘનશ્યામ ! આ મંત્રીમંડળમાં ૯ મંત્રીઓ અને ૯ નાયબ મંત્રીઓ હતા. મંત્રીમંડળની સોગંદવિધિ ૧૭મી માર્ચ-૧૯૭૨ના રોજ કરવામાં આવી હતી.

ચોથી ગુજરાત વિધાનસભામાં અધ્યક્ષ તરીકે રાઘવજી લેઉઆની પુનઃ પસંદગી થઈ હતી. ઉપાધ્યક્ષ તરીકે સત્તાધારી કોંગ્રેસ પક્ષના રમેશચંદ્ર પરમારની વરણી કરવામાં આવી હતી. આ વખતે વિરોધપક્ષના ઉપાધ્યક્ષ હોવા જોઈએ તેવી સંસદીય -ણાલી સૌ -થમવાર પડતી મુકવામાં આવી હતી.

ઘનશ્યામ ઓઝાના મંત્રીમંડળના સંસદીય બાબતોના મંત્રી ચીમનભાઈ પટેલે પક્ષમાં પોતાની બહુમતિ છે તેવી ઝૂંબેશ ઉપાડતાં અને તે અંગે પોતાનો વિરોધ વ્યક્ત કરતાં દિલ્હીથી પરત આવતાં અમદાવાદ હવાઈ મથક પર જ ઘનશ્યામભાઈ ઓઝાએ પોતાની સરકારના રાજીનામાની જાહેરાત કરી હતી.

૧૯૭૨ની ચૂંટણી બાદ ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષને રતુભાઈ અદાણીના નેતૃત્વ હેઠળ મોટી બહુમતી મળી હતી, પરંતુ મુખ્યમંત્રીના પદ માટે એકમતિ ન સધાતા કોંગ્રેસ પક્ષે વડા-ધાન ઈન્દિરા ગાંધીને મુખ્યમંત્રીપદના ઉમેદવારનું નામ સૂચવવા જણાવતા તેઓએ પસંદગીનો કળશ ઘનશ્યામ ઓઝા પર ઢોળ્યો હતો. તેઓ ત્યારે કેન્દ્ર સરકારમાં રાજયકક્ષાના મંત્રી તરીકે ફરજ બજાવતાં હતા. એ વખતે વિધાનસભાના સભ્ય પણ તેઓ ન હતા. આથી વર્તમાનપત્રોમાં બહારની વ્યક્તિને લાવવા માટેઁઆયો કહાં સે ઘનશ્યામ ! તેવા મથાળા બંધાણા હતા. ઘનશ્યામ ઓઝા વિધાનસભાના સભ્ય નહી હોવાથી દહેગામના ધારાસભ્ય ડો.મનહરલાલ શાહે રાજીનામું આપી તેમના માટે બેઠક ખાલી કરી આપી હતી.

ઘનશ્યામ ઓઝા એક ખૂબ જ સાલસ અને સરળ સ્વભાવના વ્યક્તિ હતા. તેઓ સૌરાષ્ટ્ર સરકારમાં પણ મંત્રીપદે રહી ચૂક્યા હતા. મુંબઈ રાજયની રચના થતાં મંત્રી મટી જતાં તેઓ રાજકોટ રેસકોર્સમાં પગે ચાલીને ફરવા જતા. મુખ્યમંત્રી બન્યા બાદ તેઓ ગાંધીનગરથી અમદાવાદ જતા હતા ત્યારે તેમણે આશ્રમરોડ ઉપર એક દ્રશ્ય એવું જોયું કે તેમનું હૃદય દ્રવી ઉઠ્યું હતું. પોલીસવાળો એક રેકડીવાળાને ઠંડા ફટકારતો હતો. આ જોઈને તેઓ તુરત જ બોલી ઉઠ્યા હતા કેઁમારા રાજયમાં ગરીબ માણસોને આવી રીતે કારણ વગર કનડગત થાય છેઁ.

ગુજરાતની ભૂમિના રાજા

- ગૌતમ પુરોહિત

ઘનશ્યામ ઓઝાના મંત્રીમંડળમાં મંત્રી પદે ફરજ બજાવતાં ચીમનભાઈ પટેલ શરૂઆતથી મુખ્યમંત્રીપદ માટે પોતાનો દાવો કરી રહ્યાં હતા. ઘનશ્યામ ઓઝાના નેતૃત્વ સામે આંગળી ચિંધી તેઓ આ અંગે અવારનવાર પક્ષની કેન્દ્રીય નેતાગીરી ઉપર દબાણ લાવતા હતા. અંતે પક્ષની નેતાગીરીએ ગાંધીનગર ખાતે દૂત મોકલી ધારાસભ્યોના વિચારો જાણવા -યત્ન કર્યો હતો.

ઘનશ્યામ ઓઝાની સરકાર વખતે સમગ્ર રાજયમાં મફત માધ્યમિક શિક્ષણ, શહેરી ટોચ મર્યાદા ધારા તથા પર્યાવરણ અંગે કેન્દ્ર સરકારને રાજય સરકાર વતી કેન્દ્રીય કાયદો ઘડવાની સત્તા આપતો વિધાનસભાનો ગૃહનો ઠરાવ જેવા અગત્યના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

ચોથી વિધાનસભાના અગત્યના બનાવો પૈકી ઘનશ્યામ ઓઝાની સરકારે ગેસ્ટ કંટ્રોલ ઓર્ડર બહાર પાડી ૨ પથી વધુ વ્યક્તિઓના જમણવાર પર -તિબંધ મુક્યો હતો. તેમના વતન સુરેન્દ્રનગરની જિલ્લા પંચાયતમાં, પંચાયતની બેઠકમાં ૨ પથી વધુ વ્યક્તિઓને નાસ્તામાં -તિબંધિત વસ્તુઓ આપવા માટે કલેક્ટરે જિલ્લા પંચાયતના -મુખ ઉપર કેસ કર્યો હતો. બીજે દિવસે વર્તમાનપત્રોમાં મથાળા આવેલાં કેઁચપટી ચેવડાના કારણે મુશ્કેલીમાં મુકાતી ઓઝા સરકાર

ઘનશ્યાભાઈ ઓઝાના મંત્રીમંડળમાં રતુભાઈ અદાણી બીજા ક્રમે હતા. સૌરાષ્ટ્ર દ્વિભાષી મુંબઈ રાજય તથા ગુજરાતના -થમ મંત્રીમંડળમાં પણ તેઓ મંત્રી રઝા હતા. ઓઝા સરકારમાં તેઓ સંસદીય કામગીરી સંભાળતા હતા. અદાણી રચનાત્મક ક્ષેત્રના અગ્રણી હતા. તેઓ નિષ્ઠાવાન અને મુલ્યવાન રાજનીતિજ્ઞ હતા. ઓછો અભ્યાસ હોવા છતાં વહીવટીતંત્ર પર તેમની ખૂબ જ સારી પકડ હતી. બીજા કુશળ મંત્રી સનત મહેતા હતા. તેઓ અભ્યાસુ અને મહેનતુ વ્યક્તિ હતા.

પરંતુ એ વખતે રાજયના મંત્રીમંડળને ગુજરાત કોંગ્રેસ -મુખપદની ચૂંટણી અંગેના ઝઘડામાં નજર લાગી ગઈ હતી. સંસદીય બાબતોના મંત્રી ચીમનભાઈ પટેલ મુખ્યમંત્રી બનવા ખૂબ જ અધીરા બની ગયા હતા. તેઓએ કોંગ્રેસપક્ષમાં પોતાની બહુમતી છે તેમ જણાવી હાઈકમાન્ડ સમક્ષ મુખ્યમંત્રી પદનો દાવો રજૂ કર્યો હતો.

રાજકીય કાવાદાવાથી તંગ આવી જઈ દિલ્હીથી અમદાવાદ પરત આવતા ઘનશ્યામ ઓઝાએ તેમના સિનિયર સાથીઓને પણ પુછ્યા વગર અમદાવાદ વિમાન મથકે જ સપ્ટેમ્બરમાં પોતાના રાજીનામાની જાહેરાત કરી દીધી હતી. અને ૧૭મી જુલાઈ, ૧૯૭૩ના રોજ ચીમનભાઈ પટેલની મુખ્યમંત્રી પદે વરણી કરવામાં આવી હતી. તેમના મંત્રીમંડળમાં ૧૧ મંત્રીઓ, ૩ રાજયના મંત્રીઓ અને ૫ નાયબ મંત્રીઓ મળી કુલ ૧૯ મંત્રીઓ હતા. ધારાસભ્ય કાંતિલાલ દીયા રાજયમાં -થમ વખત નાયબમંત્રી બન્યા હતા.

ઘનશ્યામ ઓઝાએ ગુજરાતની ૪૮૭ દિવસની સેવા કરી હતીં. ચીમનભાઈની સત્તા ભૂખ ન હોત તો ગુજરાત કેળવણીમાં એક વેંત ઉંચું બન્યું હોત. ચીમનભાઈએ કોંગ્રેસમાં બળવાના મજબૂત બીજ રોપ્યાં હતા.